# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૨/ક્વા-૨/૧૯-૨૦/૭૭૭૫–૫** **તા.૨૭–૧૧–૧૯**

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૪૨/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **ખોડાભાઈ દેવજીભાઈ ભૂત** ગામ: શાપર વેરાવળ
રજૂઆત કરનાર: **અરજદાર હાજર રહેલ નથી.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ ગ્રામ્ય**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **એલ.કે.પરમાર** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ ગ્રામ્ય**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૧૯-૧૧-૨૦૧૯ ( મંગળવાર )

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૧-૦૯-૨૦૧૯ (બુધવાર)ના રોજ રાખવામાં આવેલ હતી – જેમાં **અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે વિરલભાઈ આર. બાધાણી અને** પીજીવીસીએલ તરફથી કાર્યપાલક ઈજનેર શ્રી **એલ.કે.પરમાર** વિભાગીય કચેરી – **રાજકોટ ગ્રામ્ય હાજર રહેલ હતા** - ત્યારબાદ કેઈસ ની વધુ સુનાવણી અર્થે તા. ૧૯-૧૧-૨૦૧૯ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર / ગેરહાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર ખોડાભાઈ દેવજીભાઈ ભૂત ગામ -શાપર (વે), તેઓની અરજીના નોંધણી નં: ૪૨/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે**, તેઓ ગ્રાહક નં. ૮૧૯૦૧/૦૪૯૫૪/૦ વીજજોડાણ ધરાવે છે. તેમા માહે જુલાઈ માસ ના વીજબીલમાં વીજભાર વધારા ની રકમ નુ રૂ.૧,૬૨,૦૫૬/– નુ વીજબીલ વધુ અપાયેલ છે, સદર વીજજોડાણમાં ભાડુઆત દ્વારા વધુ વીજવપરાશ કરાયેલ હોય, જે ૦૨ માસ પહેલા ખાલી કરીને જતા રહયા છે. જે બાબત ધ્યાનમાં ન હોય, તેમજ હવે થી સદર વીજજોડાણમાં વધુ વીજભાર વાપરવામા આવતો ન હોય, જેથી વીજભાર વધારા અન્વયે આપેલ બીલ ની રકમ રદબાતલ કરવા, **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.0 અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- તેઓ ૨૦ કીવો નુ ઓર્દ્યોગીક હેતુ માટેનુ વીજજોડાણ ગ્રાહક નં.: ૮૧૯૦૧/૦૪૯૫૪/૦ થી ખોડાભાઈ દેવજીભાઈ ભુત ના નામે ધરાવે છે. સદર વીજજોડાણમાં વર્ષ–૨૦૧૭–૧૮ માં તેઓના કરારીત વીજભાર કરતા ૦૫% મુજબ – ૧૨ વખત વધુ વીજભાર વધારો ઉપયોગ કરેલ હોય – વીજભાર વધારો માંગવા માટે તા.૨૨–૦૫–૧૮ થી નોટીસ અપાયેલ હતી. તેમ છતા– અરજદાર દ્વારા કોઈ કાર્યવાહી ન થતા – નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૯૫ મા કરાયેલ જોગવાઈ મુજબ – અરજદાર ને તા.૨૪–૦૯–૧૮ થી રૂ.૧,૬૨,૦૫૬/– નુ વીજભાર વધારા અન્વયે ભાવપત્રક અપાયેલ – જે સમયમર્યાદા મા ભરપાઈ ન થતા અરજદાર ના બીલીગ ખાતામા ઉધારેલ છે. વર્ષ–૨૦૧૮–૧૯ દરમ્યાન પણ અરજદાર દ્વારા તેઓના સદર વીજજોડાણમાં કરારીત વીજભારના ૫% થી વધારે વીજવપરાશ ડિમાન્ડ નોંધાયેલ હોય – વીજભાર વધારા અન્વયે ની રકમ અરજદારે ભરપાઈ કરવા પાત્ર છે.

૩.૧ પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ પરીપત્ર નં. – પીજીવીસીએલ / આરએન્ડસી/ કોમ / ૭૧૪૯ તા.૧૬–૦૮–૧૯ મુજબ– અરજદાર દ્વારા ૦૨ વર્ષ નો મીનીમમ ચાર્જ રૂ.૮૩,૪૬૦/– તા.૦૪–૧૦–૧૯ થી રસીદ નંબરઃ – WV 693437 થી ભરપાઈ કરી આપેલ હોય – તેમજ અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ હોય – તે બદલ અરજદારે સમાધાન પત્ર તા.૧૬–૧૧–૧૯ માં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ **પેરા નં ૨.૦ અને** પેરા નં ૩.૦ અને ૩.૧ માં જણાવ્યા મુજબ- અરજદારની લેખિત રજૂઆત – અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારને નિયમોની સમજણ અપાયેલ હતી. જે અનુસંધાને અરજદારને પુરતી માહિતી મળતા અરજદાર દ્વારા તા. ૧૬-૧૧-૧૯ થી સમાધાનપત્ર(પુરશીશ) **માં સહી કરી આપેલ છે.**

૪.૨ **આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય**, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |